વન અને પર્યાવરણ વિભાગ હેઠળના અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને હેડ ઓફ ધી ફોરેસ્ટ ફોર્સના તાબાની કચેરીઓના રોજમદારોને નામદાર સુપ્રિમકોર્ટના C.A.No.1684-1484-1486/2019 (Arising out of Diary No.43592/2018) with C.A.No.1687-1689/2019 (Arising out of 36182/2018) માં તા.૧૫.૦૨.૨૦૧૯ ના ચુકાદા મુજબ માર્ગ અને મકાન વિભાગના તા.૧૭/૧૦/૧૯૮૮ના ઠરાવ મુજબના લાભો આપવા બાબત.

ગુજરાત સરકાર,
વન અને પર્યાવરણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ- વનમ-૩૦૨૦૧૩-૨૧૩૮-ક.૫
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૧-૦૬-૨૦૧૯

વંચાણે લીધા:-

(૧) માર્ગ અને મકાન વિભાગનો તા.૧૭.૧૦.૧૯૮૮ નો ઠરાવ ક્રમાંક:ડબલ્યુસીઈ-૧૫૮૮-(૫)/(૧)/ગ.૨.
(૨) માર્ગ અને મકાન વિભાગનો તા.૧૭.૧૦.૧૯૮૮ નો ઠરાવ ક્રમાંક: ડબલ્યુસીઈ-૧૫૮૮-(૫)/(૨)/ગ.૨.
(૩) માર્ગ અને મકાન વિભાગનો તા.૧૭.૧૦.૧૯૮૮ નો ઠરાવ ક્રમાંક: ડબલ્યુસીઈ-૧૫૮૮-(૫)/(૩)/ગ.૨.
(૪) નામ. સુપ્રિમ કોર્ટનો C.A. No.5321-5322 of 2013 (Arising out of S.L.P.(C)13619-13620 of 2012) માં તા.૦૯.૦૭.૨૦૧૩ નો ચુકાદો.
(૫)આ વિભાગનો તા.૧૫.૦૯.૨૦૧૪ નો ઠરાવ ક્રમાંક: વનમ-૩૦૨૦૧૩-૨૧૩૮-ક.૨.
(૬) આ વિભાગનો તા.૨૫.૦૨.૨૦૧૫ નો પરિપત્ર ક્રમાંક: વનમ-૩૦૨૦૧૩-૨૧૩૮-ક.૨.
(૭) આ વિભાગનો તા.૦૬.૦૪.૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક: વનમ-૩૦૨૦૧૩-૨૧૩૮-ક.૨
(૮) નામ. સુપ્રિમ કોર્ટનો C.A. No. 1684-1484-1486/2019 (Arising out of Diary no.43592/2018) with C.A.No.1687-1689/2019 (Arising out of 36182/2018) નો તા.૧૫.૦૨.૨૦૧૯ નો ચુકાદો
(૯) આ વિભાગનો તા.૦૨.૦૩.૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક: એસ-૩૦૨૦૧૮-૯૧૭(પાર્ટ-૧)-ક.૫.
(૧૦) ઉક્ત ક્રમાંક :(૯)પરના ઠરાવથી રચાયેલ સમિતિનો તા.૧૯.૦૩.૨૦૧૯ નો અહેવાલ.

પ્રસ્તાવના:

ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમાંક-(૪) આગળના નામદાર સુપ્રિમકોર્ટના તા.૦૯.૦૭.૨૦૧૩ ના ચુકાદાની અમલવારી અન્વયે આ વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમાંક-(૫) આગળના તા.૧૫.૦૯.૨૦૧૪ ના ઠરાવથી અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને હેડ ઓફ ધી ફોરેસ્ટ ફોર્સના તાબા હેઠળની કચેરીઓના રોજમદારોને માર્ગ અને મકાન વિભાગના તા.૧૭.૧૦.૧૯૮૮ ના ઠરાવ મુજબના લાભો આપવામાં આવેલ છે. આ ઠરાવમાં નામ.સુપ્રિમ કોર્ટના ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમાંક:(૮) આગળના તા.૧૫.૦૨.૨૦૧૯નો ચુકાદાની અમલવારી માટે ઉપર વંચાણે લીધેલ ક્રમાંક:(૯) આગળના ઠરાવથી એક સમિતિની રચના કરવામાં આવેલ. આ સમિતિએ ભલામણો સાથે પોતાનો અહેવાલ તા.૧૯.૦૩.૨૦૧૯ ના રોજ સુપરત કરેલ. આથી કાળજીપૂર્વકની વિચારણાને અંતે નામ. સુપ્રિમ કોર્ટના તા.૧૫.૦૨.૨૦૧૯ ના ચુકાદાની અમલવારી માટે સમિતિએ કરેલ ભલામણો સ્વીકારી ઉપર વંચાણે લીધેલ ક્રમાંક-(૫) આગળના વિભાગના તા.૧૫.૦૯.૨૦૧૪ ના ઠરાવમાં નીચે મુજબના સુધારા આમેજ કરવામાં આવે છે. અન્ય જોગવાઈઓ ઉપર વંચાણે લીધેલ ક્રમાંક: (૫) તથા (૭) ના ઠરાવોની જોગવાઈ મુજબ યથાવત રહેશે.

સુધારા ઠરાવ:-

(૧) આ વિભાગના તા.૧૫.૦૯.૨૦૧૪ ના ઠરાવના ફકરા-(૨) ને સુધારીને નીચે મુજબ વાંચવો:

"(૨) તા.૨૯.૧૦.૨૦૧૦ ના રોજ કે તે પછી ઔદ્યોગિક વિવાદ અધિનિયમની કલમ-૨૫(બી) ની જોગવાઈ મુજબ અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને હેડ ઓફ ધી ફોરેસ્ટ ફોર્સના તાબાની કચેરીઓના જે રોજમદારની ૧૦ (દશ) વર્ષથી વધુ નોકરી થઈ હશે તેઓ કાયમી રોજમદાર ગણાશે અને આવા કાયમી રોજમદારોને માસિક રૂ.૪૪૪૦-૭૪૪૦ ના પગાર ધોરણમાં મૂકી પગાર,ગ્રેડ પે રૂ.૧૩૦૦/- તથા શ્રમ અને રોજગાર વિભાગના તા.૧૧ ફેબ્રુઆરી, ૨૦૦૯ ના જાહેરનામા ક્રમાંક:KHR-24-MWA-102008-302-M(2) માં ઉલ્લેખિત રોજમદાર અર્ધ કુશળ (Semi- Skilled : Labour engaged in the Felling of trees, Fashioning and charcoal manufacture (heatening) તથા રોજમદાર કુશળ કારીગરો (Skilled: Labour engaged in the Measuring of timber and the Numbering of timber) ના જેવું જોબ ડિસ્ક્રિપ્શન ધરાવતા અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને હેડ ઓફ ધી ફોરેસ્ટ ફોર્સના તાબા હેઠળની કચેરીઓના રોજમદારો માટે રૂ.૫૨૦૦-૨૦૨૦૦/- + ગ્રેડ પે રૂ.૧૯૦૦/- નું પગાર ધોરણ મળવાપાત્ર થશે તથા તેના પર મોંઘવારી ભથ્થું, સ્થાનિક વળતર ભથ્થું મળવાપાત્ર થશે. આ ઉપરાંત તેઓને દર વર્ષે ૨ દિવસની મરજીયાત રજા, ૧૨ દિવસની પરચૂરણરજા, ૩૦ દિવસની પ્રાપ્ત રજા, ૨૦ દિવસની અર્ધપગારી રજા, રવિવારની રજા તેમજ રાષ્ટ્રીય તહેવારની રજા મળવાપાત્ર થશે. કાયમી રોજમદારોની નિવૃત્તિની વય મર્યાદા ૬૦ વર્ષની રહેશે. તેઓને નિવૃત્તિ વેતન , ગ્રેજ્યુઈટી અને સને ૨૦૦૫ની નવ વર્ધિત પેન્શન યોજના માટે પ્રવર્તમાન નિયમો પ્રમાણે લાભો આપવાનું ઠરાવવામાં આવે છે. પરંતુ તા.૦૧.૦૪.૨૦૦૫ પહેલા અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને હેડ ઓફ ધી ફોરેસ્ટ ફોર્સના તાબા હેઠળની કચેરીઓમાં દાખલ થયેલ અને ઉપર્યુક્ત પાત્રતા ધરાવતા રોજમદારોને નામદાર સુપ્રિમ કોર્ટના તા.૧૫.૦૨.૨૦૧૯ ના ચુકાદા અન્વયે નીચે મુજબના લાભ મળવાપાત્ર થશે:

(ક) તા.૦૧.૦૪.૨૦૦૫ પહેલાં જે રોજમદારોની ઔદ્યોગિક વિવાદ અધિનિયમની કલમ-૨૫(બી) ની જોગવાઈ મુજબ ૧૦ (દશ) વર્ષથી વધુ નોકરી થઈ હશે તેવા રોજમદારોને જૂની પેન્શન યોજના તથા જૂની જી.પી.એફ. યોજનાનો લાભ મળવાપાત્ર થશે. તે પછી પેન્શનની પાત્રતા પ્રાપ્ત કરનાર રોજમદારોને નવવર્ધિત પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર થશે. નામદાર સુપ્રિમ કોર્ટના તા.૧૫.૦૨.૨૦૧૯ નાં ચુકાદા મુજબ રોજમદાર નોકરીમાં દાખલ થાય ત્યારથી ઔદ્યોગિક વિવાદ અધિનિયમની કલમ ૨૫-(બી) અન્વયે દર બાર મહિનામાં ૨૪૦ દિવસની હાજરી પૂર્ણ કરેલ હોય તેને એક વર્ષ ગણીને તેવા વર્ષ માટે તા.૧૫.૦૯.૨૦૧૪ નાં ઠરાવથી ઠરાવ્યા મુજબના લાભો આપવા માટે ગણતરીમાં લેવાના રહેશે. જે વર્ષમાં ૨૪૦ દિવસ પૂરા ન થાય તેવાં વર્ષ સેવામાં ગણાશે નહીં.

(ખ) જૂની પેન્શન યોજના અથવા નવ વર્ધિત પેન્શન યોજનાના લાભની પાત્રતા ધરાવતા રોજમદાર જો તા.૨૯.૧૦.૨૦૧૦ પહેલાં સેવાનિવૃત્ત થયા હશે તો તેમને ઉપર્યુક્ત બે પૈકી લાગુ પડતી પેન્શન યોજનાના નાણાકીય લાભો તા.૨૯.૧૦.૨૦૧૦ થી મળવાપાત્ર થશે. અન્ય કિસ્સામાં ઉપર્યુક્ત (ક) પ્રમાણેના લાભો સેવાનિવૃત્તિની તારીખથી મળવાપાત્ર થશે.

(ગ) જૂની પેન્શન યોજનાના લાભની પાત્રતા ધરાવતા રોજમદારનું સેવાનિવૃત્તિ પહેલા અથવા સેવાનિવૃત્તિ પછી અવસાન થવાના કિસ્સામાં જૂની પેન્શન યોજના હેઠળના લાભ તા.૨૯.૧૦.૨૦૧૦ થી મળવાપાત્ર થશે. અન્ય કિસ્સામાં ઉપર્યુક્ત લાભો અવસાનની તારીખથી મળવાપાત્ર થશે."

(૩) આ વિભાગના તા.૧૫.૦૯.૨૦૧૪ ના ઠરાવના ફકરા ક્રમાંક:(૪) પછી નીચેની વિગતે ફકરો-૪(અ) ઉમેરવામાં આવે છે.

"૪.(અ). અન્ય વિભાગ હેઠળના જોબ ડિસ્ક્રિપ્શન માટે જ્યાં રૂ.૪૪૪૦-૭૪૪૦/-, ગ્રેડ પે રૂ.૧૩૦૦/- અથવા રૂ.૫૨૦૦-૨૦૨૦૦/-, ગ્રેડ પે રૂ.૧૯૦૦/-નું પગારધોરણ ઉપલબ્ધ છે તેવા જ જોબ ડિસ્ક્રિપ્શન ધરાવતા અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને હેડ ઓફ ધી ફોરેસ્ટ ફોર્સના તાબા હેઠળની કચેરીઓના રોજમદારોને પણ ઉપર્યુક્ત બે પૈકી લાગું પડતું પગાર ધોરણ લાગું પાડવાનું રહેશે. રોજમદારોના કિસ્સામાં જોબ ડિસ્ક્રિપ્શનની સામ્યતા ચકાસવા અને તે અનુસંધાને ઉપર મુજબનું પગારધોરણ લાગુ પાડવાનો નિર્ણય આનુષંગિક રેકર્ડ આધારે સંબંધિત વર્તુળના વડા એટલે કે; યથાપ્રસંગ વન સંરક્ષક/મુખ્ય વન સંરક્ષક/અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીએ લેવાનો રહેશે. જોબ ડિસ્ક્રિપ્શન માટે કેશબુક/લોગબુકમાં ઉલ્લેખિત કામગીરી આધારભૂત આનુષંગિક રેકર્ડ ગણાશે."

(૪) આ વિભાગના તા.૧૫.૦૯.૨૦૧૪ ના ઠરાવના ફકરા ક્રમાંક: (૭) પછી નીચેની વિગતે ફકરો-(૮) ઉમેરવામાં આવે છે:

"(૮) નામદાર સુપ્રિમ કોર્ટના તા.૧૫.૦૨.૨૦૧૯ નાં ચુકાદા મુજબ રોજમદાર નોકરીમાં દાખલ થાય ત્યારથી ઔદ્યોગિક વિવાદ અધિનિયમની કલમ ૨૫-(બી) અન્વયે દર બાર મહિનામાં ૨૪૦ દિવસની હાજરી પૂર્ણ કરેલ હોય તેને એક વર્ષ ગણીને તેવા વર્ષ માટે તા.૧૫.૦૯.૨૦૧૪ નાં ઠરાવથી ઠરાવ્યા મુજબના લાભો આપવા માટે ગણતરીમાં લેવાના રહેશે. જે વર્ષમાં ૨૪૦ દિવસ પૂરા ન થાય તેવા વર્ષ સેવામાં ગણાશે નહીં તે મતલબની જે જોગવાઈ વંચાણે લીધેલ ક્રમ-(૬) માં થયેલ છે તેને નામ. સુપ્રિમ કોર્ટના તા.૧૫.૦૨.૨૦૧૯ ના ચુકાદાથી મંજૂરી મળેલ હોય તે મુજબની જોગવાઈ કરવામાં આવે છે. આ વિભાગના તા.૧૫.૦૯.૨૦૧૪ નાં ઠરાવમાં રોજમદારને પરચૂરણ રજા તથા મરજીયાત રજા મંજૂર કરવાની જે જોગવાઈ થયેલ છે તેને પણ નામદાર સુપ્રિમ કોર્ટના તા.૧૫.૦૨.૨૦૧૯ ના ચુકાદાથી સમર્થન મળેલ હોય ઠરાવની તે જોગવાઈ યથાવત રાખવામાં આવે છે."

આ સુધારા ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૧૨.૦૬.૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.જે.દવે.)
સંયુક્ત સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

નકલ રવાના :-

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી,રાજભવન, ગાંધીનગર. (પત્ર ધ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (નાણા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (વન) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (વન) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (વન અને પર્યાવરણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (ક.ગ.) સામાન્ય વહીવટ વિભાગના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (શ્ર.અને રો.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, (આ.બા.) નાણા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, કાયદા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને હેડ ઓફ ધી ફોરેસ્ટ ફોર્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સંયુક્ત નિયામકશ્રી, ઈ.ડી.પી.સેલ, બ્લોક નં.૧૭, જુના સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સ્થાનિક ભંડોળ, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, જુના સચિવાલય, ગાંધીનગર.
- સર્વે વર્તુળ કચેરીઓ. (અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને હેડ ઓફ ધી ફોરેસ્ટ ફોર્સ મારફત)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- મુકામી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(વન),નાણા વિભાગ, બ્લોક નં.૧૧, નવા સચિવાલય, ગાંધીનગર
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- સર્વે જિલ્લા લોકલ ફંડ કચેરીઓ.
- નાયબ સેકશન અધિકારીશ્રીની પસંદગી ફાઈલ.
- ફાઈલ ક્રમાંક:- એસ-૩૦૨૦૧૮-૯૧૭(પાર્ટ-૧)-ડ.૫ ઉપર રાખવા સારું.
- પસંદગી ફાઈલ.